# ડાંગમાં કાર નદીમાં ખાબકતાં ના.મામલતદાર સહિત બેનાં મોત

**આણંદના** નાયબ મામલતદારને લોકોએ નદીમાં કૂદી દરવાજો ખોલી બહાર કાઢતા બચી ગયા

**નર્મદા** કલ્પસરના ડેપ્યુટી મામલતદાર અને ડાંગના આરોગ્ય કર્મચારીનું નિધન


ગીરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાના આહવા-વઘઈ રોડ પર આજે (ઓક્ટોબર) વહેલી સવારે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે જતી એક કાર અનિયંત્રિત થઈને માર્ગની રેલિંગ તોડીને ખાપરી નદીમાં ખાબકી હતી. આ દુર્ઘટનામાં કારમાં સવાર નાયબ મામલતદાર સહિત બે વ્યક્તિઓના ઘટનાસ્થળે મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે.

મળતી માહિતી અનુસાર, વહેલી સવારે આહવા-વઘઈ રોડ પરથી પસાર થઈ રહેલી કારના ચાલકે અચાનક કાબૂ ગુમાવતાં કાર પુલની રેલિંગ સાથે ધડાકાભેર અથડાઈ હતી અને રેલિંગ તોડીને નીચે વહેતી ખાપરી નદીમાં આશરે 35 ફૂટ ઊંડે ખાબકી હતી. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો અને પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. આ અકસ્માતમાં કારમાં સવાર સંદીપ એન. ડામોર (નાયબ મામલતદાર) અને શૈલેષ ડી. ગરાસિયા (ડાંગ જિલ્લા પંચાયતના આરોગ્ય કર્મચારી)નું મોત નીપજ્યું હતું. જ્યારે સોનુ બી. બારિયા (આણંદના નાયબ મામલતદાર)ના બચાવ થયો હતો. ઘટનાસ્થળે પહોંચેલી 108 એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત સોનુભાઈને તાત્કાલિક ધોરણે નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. ઘટના અંગે સ્થાનિક પોલીસે જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. નદીના ઊંડાણમાંથી કારને બહાર કાઢવા માટે પોલીસે તાત્કાલિક ક્રેનની મદદ લીધી હતી. ક્રેન મારફતે કૂચડો બની ગયેલી કારને નદીમાંથી બહાર કાઢવામાં આવી હતી.

**મહેસૂલી અને સિટી સરવે કર્મચારીઓની હડતાળ સમેટાઈ**

# કાલથી સરકારી કચેરીઓમાં રાબેતા મુજબ કામ શરૂ થશે

**સુરત** જિલ્લામાં હડતાળને કારણે સરકારી કામગીરી અને પ્રજાનાં કામો ઠપ થયાં હતાં

સુરતઃ ગુજરાત રાજ્યના મહેસૂલી કર્મચારીઓની રાજ્યવ્યાપી હડતાળ અને સિટી સર્વે વિભાગના કર્મચારીઓની લાંબા સમયથી ચાલી રહેલી હડતાળ આખરે સમેટાઈ છે. બંને વિભાગોના કર્મચારીઓએ તબક્કાવાર હડતાળ પાછી ખેંચી લેતાં સરકારી કામગીરી ફરી શરૂ થવાની આશા જાગી છે. હડતાળને કારણે સુરત જિલ્લામાં સરકારી કામકાજની સાથે સામાન્ય નાગરિકોનાં અનેક કામો પણ અટવાઈ ગયાં હતાં.

મહેસૂલી કર્મચારીઓની રાજ્યવ્યાપી હડતાળની સાથે સિટી સર્વે વિભાગના કર્મચારીઓ પણ છેલ્લા બે અઠવાડિયાથી વધુ સમયથી હડતાળ પર હતા. બંને વિભાગોની કામગીરી પ્રભાવિત થતાં જમીન અને મિલકત સંબંધિત વિવિધ વહીવટી કામો સહિત અનેક અરજીઓના નિકાલમાં વિલંબ થયો હતો. પોતાના કામ માટે સરકારી કચેરીઓમાં આવતા અરજદારોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. લાંબા સમયથી પેન્ડિંગ રહેલાં કામોને કારણે નાગરિકોમાં પણ રાહ જોવાની સ્થિતિ સર્જાઈ હતી. ગઈકાલે તબક્કાવાર બંને વિભાગોના કર્મચારીઓએ હડતાળ પાછી ખેંચી લેતાં લોકોને રાહત મળવાની આશા બંધાઈ છે. જોકે, શનિવાર અને રવિવારની રજાઓ આવી જતાં કર્મચારીઓ હવે સોમવારથી ફરી ફરજ પર જોડાશે. ત્યારબાદ કચેરીઓમાં નિયમિત કામકાજ શરૂ થવાની અપેક્ષા છે. હડતાળ દરમિયાન અટવાયેલાં કામોનો ભરાવો વધ્યો હોવાથી હવે કર્મચારીઓ ફરજ પર પરત ફર્યા બાદ પેન્ડિંગ અરજીઓના નિકાલને પ્રાથમિકતા આપવી જરૂરી બનશે.

**દિલ્હીમાં વિરોધ પ્રદર્શનની અસર**

# રાજધાની અને અગસ્ત ક્રાંતિ રાત્રે 8 વાગ્યે પણ દિલ્હીથી દૂર

**પાંચ** કલાક મોડી ઉપડ્યા બાદ બપોરે 2-3 વાગ્યા સુધીમાં પહોંચી જવી જોઈતી હતી, પણ 10થી 11 કલાકે લેટ થઈ

સુરતઃ દિલ્હીના જંતરમંતર પર ઈલેક્શન કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગણી સાથે 'કોંકરોચ જનતા પાર્ટી' દ્વારા વિરોધ પ્રદર્શન યોજાવાનું હોવાથી સુરતથી દિલ્હી જતી રાજધાની એક્સપ્રેસ અને અગસ્ત ક્રાંતિ એક્સપ્રેસ સહિતની 7 ટ્રેનો રદ અને રિશિડ્યુલ કરવામાં આવી હતી. આ અણધારી વ્યવસ્થાના કારણે મુસાફરોને ભારે પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો.

સામાન્ય રીતે મુંબઈ અને સુરતથી ઉપડતી રાજધાની એક્સપ્રેસ અને અગસ્ત ક્રાંતિ એક્સપ્રેસ રાત્રે પ્રયાણ કરીને બીજે દિવસે સવારે આશરે 10:00 થી 11:30 વાગ્યાની આસપાસ દિલ્હી (હઝરત નિઝામુદ્દીન અથવા નવી દિલ્હી) પહોંચી જતી હોય છે. પરંતુ, આ રિશિડ્યુલિંગના કારણે આ ટ્રેનો સુરતથી શુક્રવારે રાત્રે 8 વાગ્યાના બદલે પૂરા 5 કલાક મોડી એટલે કે રાત્રે 1 વાગ્યે રવાના થઈ હતી. લેટ ઉપડ્યા બાદ પણ આ ટ્રેનો દિલ્હી બપોરે 2થી 3 વાગ્યા સુધીમાં પહોંચી જવી જોઈતી હતી, પરંતુ સમયપત્રક ખોરવાઈ જવાના કારણે તે બીજે દિવસે શનિવારે રાત્રે 8 વાગ્યા સુધી પણ દિલ્હી પહોંચી શકી નહોતી.

આ બંને ટ્રેનો રાત્રે 8 વાગ્યે નવી દિલ્હી થી 57 કિલોમીટર દૂર પલવલ સ્ટેશનો પાસે અટકી હતી. આમ, આ ટ્રેનો પોતાના નિયત આગમન સમય કરતાં અંદાજે 10 થી 11 કલાક જેટલી વધુ લેટ થઈ ગઈ હતી, જેના લીધે ટ્રેનમાં બેઠેલા મુસાફરો ભારે હાલાકીમાં મુકાયા હતા. અન્ય ટ્રેનો પણ દસથી બાર કલાક મોડી દોડી રહી હોવાની જાણકારી મળી છે.

### સુરત રેલવે સ્ટેશન પર મુસાફરોની સહાય માટે હેલ્પડેસ્ક ઊભા કરાયા

ટ્રેનોના મોડા પડવાના કારણે મુસાફરોમાં સર્જાઈ શકે તેવી અસમંજસની સ્થિતિને પહોંચી વળવા માટે સુરત રેલવે સ્ટેશન પ્રશાસન દ્વારા વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. સુરત રેલવે સ્ટેશન પર મુસાફરોની સુવિધા અને માર્ગદર્શન માટે બે હેલ્પડેસ્ક ઊભા કરવામાં આવ્યા હતા.

# દમણમાં હત્યા બાદ સુરતમાં મજૂરી કરતો આરોપી ઝડપાયો

**છૂટકમાં** રસોઈનું કામ કરતા સૈયદ અકરમ અલીની હત્યા કરી હતી

સુરતઃ દમણમાં હત્યા કરી ફરાર આરોપીને સુરત શહેર ક્રાઈમ બ્રાંચની ટીમે ઝડપી પાડવામાં સફળતા મેળવી છે.

મૂળ ઉત્તર પ્રદેશના સંત કબીરનગર જિલ્લાના ભરવલિયા પાંડે ગામનો વતની અને હાલ સુરતમાં અશ્વિનીકુમાર રોડ પર કપૂરવાડી બરોડા પ્રિસ્ટેજ પાસે ગોપીનાથજી કોમ્પ્લેક્સમાં રહેતો આનંદ શ્રીકાંત પાંડે (ઉં.વ.૨૬) નામનો શખ્સ દમણના મર્ડર કેસમાં વોન્ટેડ હતો. દમણના કચીગામ પો.સ્ટે.માં ગત ૧૫ સપ્ટેમ્બર-૨૦૨૬ના રોજ નોંધાયેલા ગુના મુજબ ગત તા.૧૩ સપ્ટેમ્બરે રૂસ્તમપુરા રાવણ થડકી ઝૂંપડપટ્ટીમાં રહેતા અને છૂટકમાં રસોઈનું કામ કરતા સૈયદ અકરમ અલી (ઉં.વ.૩૭)ની દમણમાં કોઈ અજાણ્યા શખ્સોએ લોખંડના સળિયા અને ઈંટોથી માથામાં તથા શરીરે ઘા મારી નિર્મમ હત્યા કરી નાંખી હતી. આ ગુનાના સ્થળનાં સીસીટીવી ફૂટેજની તપાસ કરતાં ત્રણ શખ્સ સંડોવાયેલા હોવાનું ખૂલ્યું હતું.

અગાઉ ડીસીબી પોલીસની ચેઈન સ્નેચિંગ સ્ક્વોડે આ ગુનામાં સંડોવાયેલા બે આરોપી શૈલેશ સોની અને સન્નીકુમાર નિશાદને ઝડપી પાડ્યા હતા. જોકે, ત્રીજો સહઆરોપી આનંદ પાંડે પકડાઈ જવાના ડરે નાસતો ફરતો હતો અને સુરત આવીને ફૂટપાથ પર સૂઈને તેમજ છૂપી રીતે મજૂરીકામ કરતો હતો. દરમિયાન ક્રાઈમ બ્રાંચની ટીમે બાતમીના આધારે પુણા ગામ સીતાનગર ચાર રસ્તા પાસેથી આરોપી આનંદ પાંડેને દબોચી લીધો હતો. પૂછપરછમાં તેણે મિત્રો સાથે દમણ ફરવા ગયા એ સમયે થયેલી બોલાચાલીમાં ઉશ્કેરાઈને હત્યા કર્યાની કબૂલાત કરી હતી.

**DGVCLમાં જુનિયર ક્લાર્કની 2,000 જેટલી જગ્યાઓ ખાલી, ભરતી શરૂ કરવાની માંગ**

# DGVCLમાં સ્ટાફની અછતથી બિલિંગ અને સેવા પર અસર

**સુરત** સિટી, ગ્રામ્ય સહિત દક્ષિણ ગુજરાતના વીજ વિતરણ વિભાગોમાં માનવબળની ભારે અછત; 2021 પછી નિયમિત ભરતી નહીં થઈ હોવાનો યુનિયનનો દાવો

સુરતઃ દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL)માં જુનિયર આસિસ્ટન્ટ એટલે કે જુનિયર ક્લાર્ક સંવર્ગમાં અંદાજે 2,000 જેટલી જગ્યાઓ ખાલી હોવાનો દાવો કરી યુનિયને તાત્કાલિક નિયમિત ભરતી પ્રક્રિયા શરૂ કરવાની માગ ઉઠાવી છે. કર્મચારીઓની અછતને કારણે બિલિંગ, મીટર રીડિંગ, રેવન્યુ વસૂલાત અને ગ્રાહક સેવા સહિતની મહત્ત્વપૂર્ણ કામગીરી પર અસર પડી રહી હોવાની રજૂઆત ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટરને કરવામાં આવી છે.

ગુજરાત ઈલેક્ટ્રીસીટી એમ્પ્લોઈઝ યુનિયનના જણાવ્યા અનુસાર, દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં જુનિયર ક્લાર્કની ખાલી જગ્યાઓની સ્થિતિ ગંભીર છે. સુરત સિટીમાં 450થી વધુ, ભરૂચમાં 425થી વધુ, સુરત ગ્રામ્યમાં આશરે 600 અને વલસાડમાં 750થી વધુ જગ્યાઓ ખાલી હોવાનું જણાવાયું છે. આમ, ચાર વિસ્તારોમાં જ કુલ 2,225થી વધુ જગ્યાઓ ખાલી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જોકે, આ આંકડાઓની સત્તાવાર પુષ્ટિ થવાની બાકી છે. યુનિયને રજૂઆતમાં જણાવ્યું છે કે જુનિયર આસિસ્ટન્ટની અછતને કારણે મીટર રીડિંગ જેવી કંપનીની આવક સાથે સીધી રીતે જોડાયેલી સંવેદનશીલ કામગીરી આઉટસોર્સિંગથી કરાવવી પડે છે.

### 2021 પછી ભરતી નહીં, અન્ય કંપનીઓમાં ટ્રાન્સફરથી ઘટ વધી

રજૂઆત મુજબ, વર્ષ 2021 બાદ જુનિયર આસિસ્ટન્ટ સંવર્ગમાં નિયમિત ભરતી થઈ નથી. નિવૃત્તિ, રાજીનામાં, ટ્રાન્સફર અને અન્ય કારણોથી ખાલી જગ્યાઓમાં વધારો થયો છે. ઓ.ટી.એમ.એમ.આર.ટી. હેઠળ અન્ય વીજકંપનીઓમાં બદલી પામેલા કર્મચારીઓની સામે DGVCLમાં પરત કે નવા કર્મચારીઓ આવવાનું પ્રમાણ ઓછું હોવાનો પણ ઉલ્લેખ કરાયો છે.

# ૯.૧૪ લાખના ચેક રિટર્ન કેસમાં ટ્રાયલ કોર્ટે ફટકારેલી સજા સેશન્સ કોર્ટે રદ કરી

સુરતઃ ૯.૧૪ લાખનાં ચેક રિટર્નના કેસમાં આરોપી જેનીશ ખાટીવાલાને સેશન્સ કોર્ટે નિર્દોષ જાહેર કરી ટ્રાયલ કોર્ટના ચુકાદાને રદ કર્યો હતો. મણિભદ્ર ટ્રેડર્સના માલિક મુકેશ સંકલેચાએ કોર્ટમાં ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. જે કેસમાં ટ્રાયલ કોર્ટે આરોપીને ચેકની બમણી રકમ ચુકવવા નો હુકમ કર્યો હતો. જે હુકમની સામે આરોપીએ એડવોકેટ એસ.એચ.શાહ મારફતે સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી. ફરિયાદીનો વ્યવહાર મુખ્યત્વે 'વી. એલ. કોર્પોરેશન' નામના એક એકમ સાથે હતો અને અપીલકર્તા ફક્ત મેનેજર અથવા અધિકૃત સહી કરનાર તરીકે હોવાની રજુઆત કરવામાં આવી હતી. તમામ પક્ષકારોની રજુઆત બાદ સેશન્સ કોર્ટે ટ્રાયલ કોર્ટનો ચુકાદો રદ કર્યો હતો.

# રવિવારે 7 કલાકનો મેગાબ્લોક, 8 લોકલ-મેમુ રદ, 50થી વધુ ટ્રેનો મોડી

**વિરાર**-દહાણુ ફોર લાઈન અને વાણગાવ સ્ટેશન પર EI કમિશનિંગ માટે બ્લોક

**બોરીવલી**-વલસાડ રૂટના મુસાફરોને અસર, લાંબા રૂટની રાજધાની-પશ્ચિમ એક્સપ્રેસ પણ લેટ



સુરતઃ પશ્ચિમ રેલવેના વિરાર - દહાણુ રોડ ફોર લાઈન પ્રોજેક્ટ ફેઝ-2 અંતર્ગત વાણગાવ સ્ટેશન પર ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ કમિશનિંગ માટે 11 ઓક્ટોબર, રવિવારના રોજ 7 કલાકનો જમ્બો બ્લોક લેવામાં આવશે. તેને લઈને પશ્ચિમ રેલવેએ CB 354 TWO જાહેર કર્યો છે. રવિવારે સવારે 8:00 થી બપોરે 1:00 સુધી 5 કલાક નોન-ઈન્ટરલોકિંગ ઓથોરિટી વર્કિંગ અને બપોરે 1:00 થી 3:00 સુધી 2 કલાક બોરીવલી રોડ - વાણગાવ સેક્શન વચ્ચે સંપૂર્ણ ટ્રાફિક બ્લોક રહેશે. કુલ 07:00 કલાક સુધી અપ-ડાઉન ટ્રાફિક પ્રભાવિત થશે. રેલવેના જણાવ્યા મુજબ આ બ્લોકને કારણે 10-15 મેલ એક્સપ્રેસ ટ્રેનો કાસ્કેડિંગ અસરથી 15-20 મિનિટ મોડી પડશે અને લગભગ 20 માલગાડીઓને પણ રેગ્યુલેટ કરવામાં આવશે.

અમદાવાદ-મુંબઈ ગુજરાત સુપરફાસ્ટ જેવી 11 મોટી ટ્રેનોને 1:30 થી 2:30 કલાક સુધી કંટ્રોલમાં રોકીને ચલાવવામાં આવશે. બાંદ્રા-સુરત ઈન્ટરસિટી, સાબરમતી એક્સપ્રેસ, વલસાડ એક્સપ્રેસ સહિત 24 ટ્રેનો 30-40 મિનિટ મોડી ચલાવવામાં આવશે.

### રદ કરાયેલી મુખ્ય ટ્રેનો

- મુંબઈ સેન્ટ્રલ - વાપી ફાસ્ટ પેસેન્જર
- વિરાર - દહાણુ લોકલ
- બોરીવલી - દહાણુ લોકલ
- વિરાર - દહાણુ લોકલ
- વાપી - મુંબઈ સેન્ટ્રલ
- દહાણુ - વિરાર
- દહાણુ - ચર્ચગેટ
- વલસાડ - વિરાર

### શોર્ટ ટર્મિનેટ - શોર્ટ ઓરિજિનેટ થનારી ટ્રેનો

- ચર્ચગેટ-દહાણુ લોકલ બોરીવલી રોડ સુધી જ જશે, બોરીવલી-દહાણુ વચ્ચે રદ.
- બોરીવલી-અમદાવાદ એક્સપ્રેસ વાપીથી ઉપડશે, બોરીવલી-વાપી વચ્ચે રદ.
- વિરાર-સુરત શટલ વલસાડથી ઉપડશે.
- સુરત-વિરાર શટલ દહાણુ રોડ પર જ શોર્ટ ટર્મિનેટ થશે.

### રિશેડ્યૂલ અને લેટ થનારી એક્સપ્રેસ

- બાંદ્રા - અમૃતસર પશ્ચિમ એક્સપ્રેસ 1:30 કલાક રિશેડ્યૂલ અને 1 કલાક રેગ્યુલેટ થશે.
- બાંદ્રા - દિલ્હી ગરીબ રથ 1:45 કલાક મોડી ઉપડશે.
- બાંદ્રા-સુરત ઈન્ટરસિટી, સાબરમતી એક્સપ્રેસ, વલસાડ એક્સપ્રેસ સહિત 24 ટ્રેનો 30-40 મિનિટ મોડી ચલાવવામાં આવશે.
- અમૃતસર-બાંદ્રા
- નિઝામુદ્દીન-એર્નાકુલમ દુરંતો
- અમદાવાદ-મુંબઈ ગુજરાત સુપરફાસ્ટ જેવી 11 મોટી ટ્રેનોને 1:30 થી 2:30 કલાક સુધી કંટ્રોલમાં રોકીને ચલાવવામાં આવશે.

# ગાંધીનગર મનપાની 44 બેઠક માટે આજે 2.59 લાખ મતદારનું મતદાન

**295** મતદાન મથક પર સવારે 7થી સાંજે 6 વાગ્યા સુધી મતદાન; 90 સંવેદનશીલ બૂથ પર વિશેષ બંદોબસ્ત, 13મીએ મતગણતરી

**નવરાત્રિમાં** ગરબાના સમય અને સનાતન ધર્મના મુદ્દે ભાજપ-કોંગ્રેસ સામસામે; 130 ઉમેદવારના ભાવિનો ફેંસલો થશે

ગાંધીનગર : પાટનગર ગાંધીનગરની મહાનગરપાલિકાની 11 વોર્ડની 44 બેઠકો માટે આવતીકાલે, 11 ઓક્ટોબરે મતદાન યોજાશે. શહેરના 2,59,443 મતદારો 130 ઉમેદવારોના રાજકીય ભાવિનો ફેંસલો કરશે. મતદાન સવારે 7થી સાંજે 6 વાગ્યા સુધી યોજાશે, જ્યારે 13 ઓક્ટોબરે મતગણતરી હાથ ધરવામાં આવશે. ચૂંટણી માટે વહીવટી તંત્રે તમામ તૈયારીઓ પૂર્ણ કરી છે.

કુલ 295 મતદાન મથકો પર મતદાન પ્રક્રિયા હાથ ધરાશે, જેમાંથી 90 સંવેદનશીલ મથકો પર વિશેષ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ચૂંટણીના પ્રચારના પડઘમ શાંત થયા બાદ હવે મતદારો કોના પક્ષે જનાદેશ આપે છે તેના પર સૌની નજર છે.

ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસે વિકાસ, નાગરિક સુવિધાઓ અને સ્થાનિક પ્રશ્નોને મુખ્ય મુદ્દા બનાવ્યા છે.

જોકે, પ્રચારના અંતિમ તબક્કામાં નવરાત્રિ દરમિયાન ગરબા કેટલા વાગ્યા સુધી ચાલુ રાખવા અને સનાતન ધર્મના મુદ્દે બંને પક્ષો વચ્ચે રાજકીય ખેંચતાણ પણ જોવા મળી છે. ભાજપના શહેર પ્રમુખ ડો. આશિષ દવેએ આ મુદ્દે કોંગ્રેસ પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે શક્તિની આરાધના કરવાનો સૌને અધિકાર છે અને આ મુદ્દે વિરોધ કરનારાઓને ગાંધીનગરની જનતા માફ નહીં કરે.

બીજી તરફ, કોંગ્રેસના ચૂંટણી પ્રભારી જગત શુક્લાએ વળતો જવાબ આપતાં જણાવ્યું હતું કે ગરબાના સમય અંગે નિર્ણય લેવાની સત્તા કોર્પોરેટરો પાસે નથી અને ભાજપ આક્ષેપો કરીને લોકોને ગેરમાર્ગે દોરવાનું બંધ કરે. આમ, મતદાન પૂર્વે વિકાસના મુદ્દાની સાથે ધાર્મિક મુદ્દે પણ બંને પક્ષો વચ્ચે શાબ્દિક જંગ જામ્યો છે.

# અમીષ પટેલ અપમૃત્યુ કેસમાં આરોપી વકીલના જામીન નામંજૂર

**આરોપી** પોતે વકીલ હોવાથી કાયદાની આંટીઘૂંટીથી વાકેફ, ફરિયાદ પક્ષના પુરાવા સાથે ચેડાં થવાની શક્યતા

સુરતઃ ઓલપાડમાં કારનો પીછો કરી અકસ્માત સર્જી અમીષ ગણપતભાઈ પટેલનું મોત નિપજાવવાના કેસમાં ઝડપાયેલા આરોપી વકીલ નીલકુમાર ભરતભાઈ પટેલની જામીન અરજી સુરતની કોર્ટે ના-મંજૂર કરી હતી..

પોલીસ તપાસ અને સીસીટીવી ફુટેજ પંચનામા મુજબ, અમીષભાઈ પટેલ તેમની હ્યુન્ડાઈ કાર લઈને જઈ રહ્યા હતા ત્યારે અકસ્માતના મુદ્દે આરોપીઓ દ્વારા તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આરોપીઓ અને અન્ય ઈસમોએ કાર તથા ટુ-વ્હીલર પર અમીષભાઈની કારનો પીછો કર્યો હતો. આરોપીઓથી બચવા માટે અમીષભાઈએ પોતાની કાર પૂરઝડપે હંકારી હતી, જેથી અરીયાણા ગામ પાસે કારના સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર ઝાડ સાથે અથડાઈને અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં અમીષભાઈના માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. શરૂઆતમાં આ કેસમાં ઓલપાડ પોલીસ સ્ટેશન ખાતે અકસ્માત અંગેની સામાન્ય કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. પરંતુ લોકોના વિરોધ અને ઉગ્ર રજુઆત બાદ સુરત ગ્રામ્ય પોલીસ અધીક્ષકના આદેશથી કેસની તપાસ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ શાખાને સોંપવામાં આવી હતી. તપાસ દરમિયાન ઘટનાની ગંભીરતા અને પુરાવાઓને ધ્યાને રાખીને આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની ખૂન ન ગણાય તેવા મનુષ્યવધ (કલમ ૧૦૫), ગેરકાયદે મંડળી રચવી, હુમલો કરવો સહિતની કલમોનો ઉમેરો કરવામાં આવ્યો હતો. આ કેસમાં આરોપીએ જામીન અરજી કરતા સરકાર પક્ષે મુખ્ય સરકારી વકીલ નયન એલ. સુખડવાલાએ આરોપી પોતે વકીલાતનો વ્યવસાય કરે છે અને કાયદાના જાણકાર છે. જો આરોપીને જામીન પર મુક્ત કરવામાં આવે તો તેઓ કેસના પુરાવા સાથે ચેડાં કરી શકે છે અને સાક્ષીઓને પ્રભાવિત કરી શકે તેમ છે. ઉપરાંત ઘટના સ્થળના સીસીટીવી ફુટેજમાં પણ ગાડીનો પીછો કરવાનો અને અકસ્માત બાદની હલચલ સ્પષ્ટપણે કેદ થયેલી છે. જેથી જામીન અરજી નામંજૂર કરવા રજુઆત કરી હતી. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપી નીલકુમાર ભરતભાઈ પટેલ (રહે. દિહેણ ગામ, તા. ઓલપાડ) ની જામીન અરજી ના-મંજૂર કરી હતી.

**અનુસંધાન**... પાના છેલ્લાનું

### આજથી આધાશક્તિની...

પણ વર્ષોથી આસ્થા અને પરંપરાનો સંગમ જોવા મળે છે. સ્થાનિક રહીશો એકત્ર થઈ માતાજીની આરાધના કરે છે અને ત્યારબાદ ગરબાના તાલે ભક્તિનો રંગ જમાવે છે. મહિલાઓ રંગબેરંગી ચણિયાચોળી, જ્યારે યુવકો પરંપરાગત કેડિયા સહિતના પહેરવેશમાં સજ્જ થઈ ગરબાની રમઝટ બોલાવશે. સમયની સાથે ગલી-મહોલ્લામાં માતાજીની આરાધના કરવાની પદ્ધતિમાં પણ પરિવર્તન આવ્યું છે. અગાઉ લોકો ગલીના નાકે કે મહોલ્લામાં માતાજીનો ફોટો ફ્રેમ સ્થાપિત કરીને પૂજા-અર્ચના કરતા હતા. શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે ચાલતી આ પરંપરાએ સમય જતાં નવું સ્વરૂપ ધારણ કર્યું છે. હવે અનેક સ્થળોએ માતાજીની મૂર્તિની સ્થાપના કરીને વિધિવત્ પૂજા, આરતી અને ગરબાનું આયોજન કરવામાં આવે છે. ગલી-મહોલ્લામાં યોજાતી માતાજીની આરાધના માત્ર ધાર્મિક ઉત્સવ નથી, પરંતુ સામાજિક એકતા અને ભાઈચારાનું પ્રતીક પણ છે. સ્થાનિક રહીશો સાથે મળીને ઉજવણીમાં સહભાગી બને છે, જેના કારણે નવી પેઢીને પણ પરંપરા અને સંસ્કૃતિનું જતન કરવાની પ્રેરણા મળે છે. આમ, સુરતની ગલીઓમાં આજે અંબે માતાના જયઘોષ સાથે ભક્તિ, ઉત્સાહ અને ગરબાનો રંગ જામશે.

### નવરાત્રિ શરુ...

લીલી, સેવંતી અને પારસ જેવા ફૂલોની અછત સર્જાતાં વેપારીઓના નફાના ગણિત પર પણ અસર પડી છે. બીજી તરફ, ભાવવધારાને કારણે ગ્રાહકોને તહેવારોમાં પૂજા અને શણગાર માટે વધુ નાણાં ખર્ચવાની ફરજ પડી રહી છે. દેશી ગુલાબના બજારમાં પણ શ્રાવણ મહિનાથી શરૂ થયેલા સતત તહેવારો દરમિયાન અછતની સ્થિતિ જોવા મળી છે. નવરાત્રિમાં ગુલાબની માગ વધતાં ગ્રાહકોને ઊંચા ભાવે ખરીદી કરવી પડી રહી છે. આમ, વરસાદની અછતથી શરૂ થયેલી ઉત્પાદનની સમસ્યા હવે ફૂલ બજારના વેપાર, ખેડૂતોની આવક અને ગ્રાહકોના ખર્ચ સુધી અસર કરી રહી છે. નવરાત્રિમાં ફૂલોની વધેલી માગ વચ્ચે અપૂરતો પુરવઠો ભાવની તેજીનું મુખ્ય કારણ બન્યો છે.

### કરોડોના બિટકોઇન...

આરોપીને 14 ઓક્ટોબર, 2026ના રોજ સાંજે 5 વાગ્યા સુધી EDની કસ્ટડીમાં સોંપવાનો હુકમ કર્યો છે.

પ્રાપ્ત કોર્ટના આદેશ મુજબ, EDએ ECIR/AMZO/01/2019ના સંદર્ભમાં આરોપીની સાત દિવસની કસ્ટોડિયલ પૂછપરછ માગી હતી. જોકે, અદાલતે અરજી આંશિક મંજૂર કરતાં 10 ઓક્ટોબરે બપોરે 2 વાગ્યાથી 14 ઓક્ટોબરે સાંજે 5 વાગ્યા સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

ED તરફથી સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર હાર્દિક સુભાષભાઈ શાહે રિમાન્ડ અરજીના સમર્થનમાં વિગતવાર દલીલો રજૂ કરી હતી. તેમણે તપાસના બાકી રહેલા પાસાઓ, વિવિધ બિટકોઇન વોલેટ્સ વચ્ચેના વ્યવહારોની કડીઓ, નાણાંના વાસ્તવિક લાભાર્થીઓની ઓળખ અને કથિત ગુનાની આવકના પ્રવાહ અંગે ખુલાસા મેળવવા આરોપીની કસ્ટોડિયલ પૂછપરછ જરૂરી હોવાનું અદાલત સમક્ષ રજૂ કર્યું હતું.

ડિજિટલ નાણાકીય વ્યવહારોની જટિલતા અને નાણાંના હસ્તાંતરણ સાથે સંકળાયેલી કડીઓની તપાસને ધ્યાનમાં રાખીને આરોપીની હાજરીમાં પૂછપરછ કરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. અદાલતે કેસના પ્રાથમિક રેકોર્ડ અને રિમાન્ડ રિપોર્ટના અવલોકન બાદ અરજીને આંશિક મંજૂરી આપી હતી.

અદાલતે આરોપીની તબીબી સ્થિતિને ધ્યાનમાં રાખીને સંબંધિત સિવિલ હોસ્પિટલના તબીબી અહેવાલ સાથે તેને કોર્ટ સમક્ષ રજૂ કરવા નિર્દેશ આપ્યો છે.

આ ઉપરાંત, કસ્ટોડિયલ પૂછપરછ દરમિયાન સુપ્રીમ કોર્ટની લાગુ પડતી માર્ગદર્શિકાઓનું કડક પાલન કરવા પણ જણાવ્યું છે. આરોપી દિવ્યેશ દરજી તરફથી સિનિયર એડવોકેટ કેતન રેશમવાલા અદાલતમાં હાજર રહ્યા હતા.આગામી દિવસોમાં EDની તપાસમાં બિટકોઇન વોલેટ્સ, નાણાકીય વ્યવહારો અને કથિત ગુનાની આવક સાથે સંકળાયેલા લોકો અંગે વધુ વિગતો બહાર આવે તેવી શક્યતા છે.

### ડભોલીરોડના...

એકાઉન્ટ તેમજ આંગડિયા મારફતે બીજા રૂ. ૫૬,૨૨,૧૦૦ મળી કુલ રૂ. ૩,૫૧,૨૨,૧૦૦ આરોપીઓને આપી દીધા હતા. જે પરત કરવા અથવા વળતર આપવાને બદલે તાજેતરમાં આરોપી ભરત શેલડીયાએ ફોન કરીને પરસોત્તમભાઈને ધમકાવતા કહ્યું હતું કે, 'તમારા ખાતામાંથી સાયબર ક્રાઈમની ફરિયાદ થઈ છે અને ખાતા ફ્રીઝ થયા છે, જો આ તમે કરાવ્યું હશે તો કાકા પથ્થર ઠોકી નાખીશ.' આખરે પોતાની સાથે મોટી છેતરપિંડી થઈ હોવાનું ભાન થતાં પરસોત્તમભાઈ ગોળકીયાએ ભરત બાલુભાઈ શેલડીયા અને અશોકભાઈ રાવળ વિરુદ્ધ સિંગણપોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### સુરતમાં 17...

હતો, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. મૃતકના કાકા મહેન્દ્ર કિસન મોરેએ જણાવ્યું હતું કે અક્ષય સ્વભાવે શાંત અને અભ્યાસમાં તેજસ્વી હતો. તે CAનો અભ્યાસ કરતો હતો. પરિવારજનોને તેના ભવિષ્ય અંગે ઘણી આશાઓ હતી. અક્ષયને કોઈ ગંભીર તકલીફ કે માનસિક પરેશાની હોવાની જાણ પરિવારને નહોતી. ઘરમાં પણ કોઈ વિવાદ ન હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું. ઘટનાની જાણ થતાં ગોડાદરા પોલીસે તપાસ હાથ ધરી છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. અક્ષયના મોત પાછળનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

### ઉધનાના 8...

છે. આ મેગા તપાસ પૂર્ણ થયા બાદ રાજ્યમાં બોગસ બિલિંગ અને કરચોરીનું એક મોટું કૌભાંડ સપાટી પર આવે તેવી પૂરી શક્યતા છે, જેના કારણે સુરતના સ્ટીલ અને સ્ક્રેપ બજારના વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

### વાલિયામાં મધરાત્રે...

પૂર્વ ભાગને લાગેવળગતો વિસ્તાર હોવાને કારણે અરબી સમુદ્રથી નર્મદા નદી અડીને ફોલ્ટ લાઈન પસાર થાય છે. નર્મદા નદીમાં સૂકીભટ્ટ હોવાના અનુમાન અને પેટાળમાં થતા ફેરફારોને કારણે ભવિષ્યમાં ભૂકંપની તીવ્રતા અંગે સંજોગો રહેતા હોય છે.દક્ષિણ ગુજરાતમાં ભૂકંપની ત્રણેક ફોલ્ટ લાઈન સક્રિય છે. ભરૂચ જિલ્લો પણ ભૂકંપ ઝોન-4માં આવતો હોવાથી અરબી સમુદ્રથી નર્મદા નદીને અડીને ફોલ્ટ લાઈન પસાર થઈ રહી છે. જોકે, હજુ સુધી ભરૂચ જિલ્લામાં વેરી હાઈ કંપન (ધ્રુજારી)ના અણસારો દેખાયા નથી.

# ૨૪ કરોડની મિલકત વેચવાના નામે જ્વેલર્સ સાથે ૨૦ લાખની ઠગાઈ

**સુમુલ** ડેરી રોડના હીરાના વેપારીને દુબઈની કંપનીમાં પ્રોપર્ટી વેચાવી દેવાની જાળમાં ફસાવ્યા

સુરતઃ કતારગામ વિસ્તારમાં શોરૂમ ધરાવતા અને સુમુલ ડેરી રોડ ખાતે રહેતા જાણીતા જ્વેલર્સ સાથે મિલકત વેચાણના નામે રૂ. ૨૦ લાખની છેતરપિંડી આચરાઈ હોવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. રૂ. ૨૪ કરોડની મિલકત ઊંચી કિંમતે વેચાવી આપવાની મોટી-મોટી વાતો કરી મહિલા દલાલ અને તેના સાગરીતે મિલકત માલિક પાસેથી એડવાન્સ પેટે ૨૦ લાખ રૂપિયા પડાવી લઈ ઠગાઈ આચરી હતી.

સુમુલ ડેરી રોડ પર આવેલી શાંતિનીકેતન સોસાયટીમાં રહેતા અને કતારગામમાં રામેશ્વર શોરૂમ નામે હીરાની જ્વેલરીનો વેપાર કરતા મહેશભાઈ ભીમજીભાઈ ગોંડલિયા (ઉ.વ.૪૭) એ પોતાની સુમુલ ડેરી રોડ તથા કતારગામ પારસ સોસાયટી સ્થિત પ્રોપર્ટી વેચવા માટે અખબારમાં જાહેરાત આપી હતી. આ જાહેરાતના આધારે વર્ષ ૨૦૨૩થી પરિચિત એવા દલાલ પરેશ યોગી માર્ચ ૨૦૨૫માં રીશિતા જગદિશ પટેલ નામની મહિલાને લઈ તેમની ઓફિસે આવ્યો હતો. મહિલા દલાલ રીશિતા પટેલે તેની દુબઈ સ્થિત કંપનીમાં આલીયા રાહુલ અય્યર તથા પોતે ઓનર હોવાનો દાવો કરી રૂ. ૨૪ કરોડમાં મિલકત ખરીદવાની ડીલ નક્કી કરી હતી. ત્યારબાદ, કંપનીનું બેંક એકાઉન્ટ ફ્રીઝ હોવાનું અને તેને લોક/અનફ્રીઝ કરાવી વહેલી તકે ૨૪ કરોડ રૂપિયા ચૂકવી દેવાની લાલચ આપી મહેશભાઈ પાસે રૂ. ૨૦ લાખની એડવાન્સ રકમની માંગણી કરી હતી. ઠગબાજોની વાતમાં આવી જઈ મહેશભાઈએ ગત તા. ૦૩/૦૬/૨૦૨૫ ના રોજ રૂ. ૨ લાખ અને તા. ૨૦/૦૧/૨૦૨૬ ના રોજ રૂ. ૧૮ લાખ મળી કુલ રૂ. ૨૦ લાખ રીશિતા પટેલના ICICI બેંક એકાઉન્ટમાં RTGS મારફતે ટ્રાન્સફર કર્યા હતા. નાણાં મેળવી લીધા તેણે મિલકત પણ ખરીદી ન હતી અને એડવાન્સ રકમ પણ પાછી આપી ન હતી જેથી મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો.

# લસકાણા પાસે ટેમ્પોએ બાઈક સવાર દંપતીને અડફેટે લેતાં પત્નીનું મોત

સુરતઃ મૂળ ભાવનગરના તળાજાના માખણી ગામના વતની હરેશભાઈ બેલડિયા હાલ અમરોલીના કોસાડ રોડ પર આવેલી મારુતિધામ સોસાયટીમાં પરિવાર સાથે રહે છે. તેઓ વરાછાના જગદીશનગર વિસ્તારમાં એમ્બ્રોઈડરીનું કારખાનું ધરાવે છે. દંપતીને સંતાનમાં બે પુત્ર છે. ગત 6 ઓક્ટોબરે રાત્રે હરેશભાઈ પત્ની શોભનાબેન સાથે બાઈક પર કામરેજ ખાતે રહેતા સંબંધીને મળવા ગયા હતા. ત્યાંથી બંને બાઈક પર સુરત સ્થિત પોતાના ઘરે પરત ફરી રહ્યાં હતાં. દરમિયાન લસકાણા વિસ્તારમાં વર્લ્ડ વ્યૂ હોટલ નજીક આવેલી ફેડરલ બેંકની સામે અજાણ્યા થ્રી-વ્હીલર ટેમ્પોના ચાલકે તેમની બાઈકને ટક્કર મારી હતી. અકસ્માતમાં શોભનાબેનને ગંભીર ઈજા પહોંચતાં તેમને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, તબીબોના પ્રયાસો છતાં ગઈકાલે સવારે સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. બીજી તરફ હરેશભાઈને સામાન્ય ઈજા થઈ હતી.